પ્રતિ,
અધિક મુખ્ય સચિવશ્રી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
બ્લોક નં. ૧૪, સચિવાલય,
ગાંધીનગર.

વિષયઃ—મુસદ્દારૂપ નગર રચના યોજના, સુરત નં. પર (વેડ) નો ઈરાદો જાહેર કરવા બાબત.

સંદર્ભઃ—ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ—૧૯૭૬ તથા એમેન્ડમેન્ટ એકટ—૧૯૯૯ ની કલમ—૪૧(૨).

મહાશય,

મુસદ્દારૂપ નગર રચના યોજના, સુરત નં. પર (વેડ) તૈયાર કરવાનો ઈરાદો અત્રેની નગર નિયોજન સમિતિના તા. ૧૮—૦૬—૨૦૦૫ ના ઠરાવ નં. ૨૬/૨૦૦૫ થી જાહેર કરવામાં આવેલ. જે અંગેનું અધિસુચન સરકારી રાજયપત્રમાં તા. ૨૪—૦૬—૨૦૦૫ ના સેન્ટ્રલ સેકશન પાર્ટ—૨ અસાધારણના પાના નં.૩૧૬ માં પ્રસિધ્ધ થયેલ છે. જેની નકલ નં.૧ આ સાથે સામેલ છે. વધુમાં, સદર અધિસુચન સ્થાનિક દૈનિકપત્રો (૧)ગુજરાત સમાચાર ,(૨) ધબકાર માં તા. ૩—૭—૨૦૦૫ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. સદર દૈનિકપત્રોની એક એક નકલ તથા સ્કીમની હદ દર્શાવતા નકશાની નકલ તથા ગેઝેટની નકલ આ સાથે સામેલ કરેલ છે, જે આપશ્રીને વિદિત થવા વિનંતી.

આપનો વિશ્વાસુ,

(જે. એમ. પટેલ)
ડાયરેકટર ઓફ પ્લાનીંગ

બિડાણઃ— ઉપર મુજબ

નકલ સા. રવાના :— મુખ્ય નગર નિયોજકશ્રી, નગર આયોજન અને મુલ્યાંકન ખાતુ, ભોંયતળિયું તથા બીજો માળ, બ્લોક નં. ૧૪,જૂનું સચિવાલય, ગાંધીનગર પ્રતિ.... જાણ સારૂ